## ગુજરાત-મધ્યપ્રદેશ બોર્ડર પર વાહન ચેકિંગ દરમિયાન પોલીસ પર હુમલો

**પથ્થરમારામાં** કતવારા પી.આઈ. ઉમેશ ગામીત ઘાયલ, ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ








(પ્રતિનિધિ) દાહોદ, તા.26

દાહોદ જિલ્લાના ગુજરાત-મધ્ય પ્રદેશ આંતરરાષ્ટ્રીય બોર્ડર પર આવેલી ખગેલા ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગની કામગીરી દરમ્યાન પોલીસ પર હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. હુમલામાં કતવારા પોલીસ ઈન્સ્પેક્ટર ઉમેશ ગામીતને મોઢાના ભાગે ઈજા પહોંચતા તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ આવનારી ૩૧ ડિસેમ્બરની ઉજવણીને ધ્યાનમાં રાખી મધ્ય પ્રદેશ તથા રાજસ્થાન બોર્ડર વિસ્તારોમાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. બૂટલેગરો દ્વારા વિદેશી દારૂ અને માદક દ્રવ્યોની હેરાફેરી અટકાવવા માટે ખગેલા બોર્ડર પર પણ કડક તપાસ ચાલી રહી હતી.

આ દરમિયાન એક આઈસર વાહનને અટકાવવાનો પ્રયાસ કરતા ડ્રાઈવર વાહન લઈ ભાગ્યો હતો. પોલીસ દ્વારા પીછો કરાતા વાહન ચાલકે પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાના હુમલામાં કતવારા પી.આઈ. ઉમેશ ગામીતને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ઘટના સ્થળે ડી.વાય. એસ.પી., એસ.પી. સહિતનો મોટો પોલીસ કાફલો દોડી આવ્યો હતો. હાલ ટ્રક ચાલક અંકુશ હેમરાજ ડામોરને ઝડપી લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે અને પોલીસ દ્વારા આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બોર્ડર પર પોલીસ પર થયેલા હુમલાને લઈને સુરક્ષા વ્યવસ્થાને વધુ કડક બનાવવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

## સિંગવડમાં એસટી બસ ચાલક દ્વારા દિવ્યાંગ મુસાફર સાથે ગેરવર્તણૂંક

**સિંગવડથી** દાહોદ જવાની એક માત્ર બસમાં દિવ્યાંગને સવારી માટે સંઘર્ષ કરવો પડ્યો



(પ્રતિનિધિ) સિંગવડ, તા.26

દાહોદથી સિંગવડ આવતી સવારે ૧૦ વાગ્યાની બસના ડ્રાઈવર દ્વારા એક અપંગ મુસાફરને બસમાં બેસાડ્યા વગર જ બસ લઈ જતા ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે. ચુંદડી ગામના આ અપંગ મુસાફરે ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે જવાનું હોવાથી સિંગવડથી દાહોદ જવા માટે ઉપલબ્ધ એકમાત્ર બસમાં બેસવા માટે પોતાના ગામથી ૨૦૦ ભાડું આપી રીક્ષા કરીને બસ સ્ટેન્ડ પર પહોંચ્યો હતો.

એસટી બસ આવતાં જ મુસાફર બસમાં બેસવા આગળ વધ્યો હતો, પરંતુ તે દરમિયાન ડ્રાઈવરે કોઈ રાહ જોયા વગર બસ ચાલુ કરી દીધી હતી. બસને રોકવા માટે ત્યાં હાજર લોકોએ તેમજ અપંગ મુસાફરે પણ બસને હાથ મારી રોકવાનો પ્રયાસ કર્યો હતો, છતાં ડ્રાઈવરે બસ ઉભી રાખી નહીં અને મનસ્વી રીતે બસ લઈને ચાલ્યો ગયો હતો.

સ્થાનિક લોકોએ ડ્રાઈવરને સમજાવવાનો પ્રયાસ કરતાં પણ તેણે "તારે શું કામ છે?" જેવી ઉદ્દત ભાષા વાપરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિણામે અપંગ મુસાફરને બસ વગર પરત ફરવાની ફરજ પડી અને ૨૦૦ ખર્ચ્યા છતાં તેને ભારે તકલીફ સહન કરવી પડી.

આ ઘટનાને પગલે નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. દિવ્યાંગ મુસાફરો સાથે આવું અમાનવીય વર્તન કરનારા એસટી બસના ડ્રાઈવર સામે તંત્ર દ્વારા કડક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

### ગતિવિધિ

### કાલોલની સગનપુરા હાઈસ્કૂલમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ




**કાલોલ :** કાલોલ તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આયોજીત કાનુની શિક્ષણ શિબિર કરૂણેશ વિદ્યામંદિર સગનપુરા હાઈસ્કુલ માં તારીખ ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ૧૨:૩૦ કલાકે રાખવામાં આવેલ હતી. જેમાં એડવોકેટ કાન્તીભાઈ એમ સોલંકી, લીગલ એડવોકેટ કલ્પેશભાઈ એ સોલંકી,એડવોકેટ જોઈન્ટ સેક્રેટરી સીનીયર વકીલ ભુપેન્દ્રભાઈ બી. પરમાર સ્કુલ મંડળ ના પ્રમુખ ઉદેસિંહ એમ. ગોહિલ મંત્રી રતનસિંહ ચૌહાણ સ્કુલના શિક્ષકો બાળકો હાજર રહ્યા હતા.બાળ લગ્ન નો કાયદો,પ્રોકસો એક્ટ નો કાયદો, આર.ટી.ઈ.નો કાયદો,સાઈબર ક્રાઇમ નો કાયદો વિશે કાયદા ની સમજ આપવામાં આવી હતી. સ્વાગત પ્રવચન સ્કુલના મંત્રી રતનસિંહ ચૌહાણ નાઓએ કર્યુ આભારવિધી સ્કુલ ના શિક્ષક હંસાબેન ભરડવાએ કરી હતી.

### પાવાગઢ (ચાંપાનેર) પ્રાથમિક શાળાને કુલર વિથ આરો ભેટ અપાયું



**પાવાગઢ :** પાવાગઢ ખાતે રહેતા મૂળવડોદરા બરાનપુરાના માયા કુંવર હસમુખ કુંવર ( પપ્પુ માસી બા) અને તેમના પરિવાર દ્વારા પાવાગઢ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે તેમના તરફથી 150લીટરનું કુલર વિથ આરો અંદાજિત 100000 રૂપિયા ની રકમની ભેટ બાળકો માટે અર્પણ કરવામાં આવી હતી અને બાળકો ખૂબ જ સારો અભ્યાસ કરી આગળ વધે તેવી માતાજીના ચરણોમાં પ્રાર્થનામાં કરી હતી સમાજમાં આ એક ઉત્તમ કાર્ય કરી પપ્પુ માસીએ અને તેમના પરિવારે અનેરો આનંદ વ્યક્ત કર્યો હતો સાથે શાળા પરિવાર ના શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓએ પપ્પુ માસીબાનો અને તેમના પરિવારનો હૃદય પૂર્વક આભાર માની સર્વને જય માતાજી કર્યા હતા.

### ગોધરા તાલુકાની રાયસિંગપુરા પ્રા.શાળામાં કેળવણીના ભાગરૂપે 'આનંદ મેળો' યોજાયો




**ગોધરા :** નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકિયા જ્ઞાનને બદલે જીવન જીવવાની કળા અને ઉદ્યોગ દ્વારા શિક્ષણ મળે તે બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા અને વિદ્યાર્થીઓમાં મૂલ્ય શિક્ષણ સાથે વ્યવહારિક જ્ઞાન વિકસે તે હેતુથી આજરોજ ગોધરા તાલુકાની રાયસિંગપુરા પ્રાથમિક શાળા ખાતે આનંદ મેળાનું સઆયોજન કરવામાં આવ્યું હતું. અભ્યાસ સાથે વિવિધ ઈતર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ભાગરૂપે યોજાયેલા આ આનંદ મેળામાં વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૧૯ જેટલા વિવિધ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ જાતે જ વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ વાનગીઓ બનાવીને તેનું વેચાણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ ખૂબ જ સફાઈપૂર્વક અને સુઘડ રીતે સ્ટોલ સજાવીને વેચાણ કરતા, તેઓમાં નાનપણથી જ આત્મનિર્ભરતા અને વ્યાપાર કૌશલ્યના ગુણો કેળવાયા હતા. આ કાર્યક્રમનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં રાયસિંગપુરા ગામના ગ્રામજનો, શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ જોડાયા હતા. ગ્રામજનોએ બાળકોએ બનાવેલી વાનગીઓનો સ્વાદ માણ્યો હતો.

## ચાકલીયા પોલીસે ટીંબી ચેક પોસ્ટ પરથી ₹31.17 લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

**ડુંગળીના થેલાની** આડમાં દારૂની હેરાફેરી, એક આરોપી ઝડપાયો




(પ્રતિનિધિ) ઝાલોદ, તા.26

દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસ દ્વારા રાજસ્થાન રાજ્યની સરહદને જોડતી ટીંબી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ દરમ્યાન મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નાતાલ તથા આવનારા થર્ટી ફર્સ્ટના તહેવારોને ધ્યાનમાં રાખી ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી સઘન વોચ દરમિયાન પોલીસને નોંધપાત્ર સફળતા મળી છે.

ચાકલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.વી. વસાવા, પીએસઆઈ વી.એન. કોટવાલ તથા પોલીસ સ્ટાફ ટીંબી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગમાં તૈનાત હતા. તે દરમિયાન રાજસ્થાનના કસારવાડી તરફથી આવતી આઈસર ગાડી નં. MH-18-BH-1143 શંકાસ્પદ જણાતાં તેને અટકાવવામાં આવી હતી. ગાડી પર બાંધેલી તાડપત્રી ખોલી તપાસ કરતાં ડુંગળીના થેલાઓની આડમાં છુપાવેલો ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ તથા બિયરની કુલ ૨૭૦ પેટીઓ અને ૭,૩૪૪ બોટલો મળી આવી હતી.

ઝડપાયેલા દારૂની કિંમત રૂ. ૨૪,૧૫,૩૬૨/- હોવાનું જાણવા મળ્યું છે. દારૂ પરિવહનમાં વપરાયેલી આઈસર ગાડીની કિંમત રૂ. ૭,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન રૂ. ૨,૦૦૦/- મળી કુલ રૂ. ૩૧,૧૭,૩૬૨/-નો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં એક આરોપી અજય સંતોષ જાતે રાવત (રહે. રામુકેડી, જી. ઈન્દોર, મ.પ્ર.)ને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર છે.

## કાલોલના ઘુસર રોડ પર બાઈક સ્લીપ થતાં પિતા-પુત્ર ઘવાયાં

**ભૂંડ રસ્તા** પર આવી જતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.26

કાલોલ તાલુકાના ઘુસર રોડ પર અચાનક ભૂંડ રસ્તા પર આવી જતા મોટરસાયકલ સ્લીપ ખાઈ જતાં પિતા-પુત્ર ઈજાગ્રસ્ત થવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘુસર રોડ પ્લોટ વિસ્તારમાં રહેતા ફારૂક અબ્દુલમજીદ પાડવા પોતાના પુત્ર એજાજ સાથે 12મી ડિસેમ્બરના રોજ રાત્રિના સમયે વલમપૂરી ગામે મજૂરી કામ માટે મજૂરોને કહેવા જઈ રહ્યા હતા. ઈમામભાઈના પ્લાન્ટ સામે પહોંચતા રોડ ઉપર અચાનક ભૂંડ આવી જતા ફારૂકભાઈએ સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો અને મોટરસાયકલ સ્લીપ ખાઈ ગઈ હતી. પરિણામે પિતા-પુત્ર બંને રોડ પર પટકાયા હતા.

આ અકસ્માતમાં ફારૂકભાઈને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે પુત્ર એજાજને બંને હાથ તથા ઘૂંટણના ભાગે છોલાઈ જવાની સાથે ડાબી બાજુ થાપાના ભાગે ઈજા પહોંચી હતી. બંનેને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે વેજલપુર પોલીસ દ્વારા ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં રસ્તા પર જંગલી પ્રાણીઓ અચાનક આવી જતાં અકસ્માતોની શક્યતા વધતી હોવાને લઈ સ્થાનિકોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

## ગરબાડા પંચાયત દ્વારા રામનાથ તળાવની સફાઈ શરૂ કરવામાં આવી



(પ્રતિનિધિ) ગરબાડા, તા.26

ગરબાડા નગરના રામનાથ તળાવમાં ગ્રામ પંચાયત દ્વારા સાફસફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ તળાવની આસપાસ હનુમાનજી મંદિર, વિશ્વકર્મા મંદિર, ગોરિયા દેવ મંદિર અને મહાદેવ મંદિર જેવા અનેક ધાર્મિક સ્થળો આવેલ હોવાથી તળાવનું ધાર્મિક તથા પર્યાવરણીય મહત્વ વિશેષ છે.

ગરબાડામાં છેલ્લા કેટલાક સમયથી તળાવમાં જંગલી વનસ્પતિ, લીલ અને કચરાનો ભરાવો થવાથી પાણી દૂષિત થવાની સ્થિતિ ઊભી થઈ હતી. આ મુદ્દાને ગંભીરતાથી લઈ ગ્રામ પંચાયતના સરપંચ ઉર્વીશાબેન પ્રજીતસિંહ રાઠોડ દ્વારા પંચાયતના કર્મચારીઓને તળાવમાંથી કચરો તથા વનસ્પતિ દૂર કરી સફાઈની કામગીરી શરૂ કરાવી છે. આ સાફસફાઈથી તળાવનું પાણી સ્વચ્છ બનશે, દુર્ગંધ દૂર થશે અને આસપાસના ધાર્મિક સ્થળોની પવિત્રતા જળવાશે. ગ્રામજનોએ પણ પંચાયતની આ કામગીરીને વખાણી, જાહેર સંપત્તિની સંભાળ માટે સહકાર આપવાની અપીલ કરી છે અને તળાવમાં કચરો ન કરવા પણ અપીલ કરી છે.

## ઝાલોદ ખાતે રોગી કલ્યાણ સમિતીની મીટીંગ યોજાઈ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.26

ઝાલોદ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે પ્રાંત અધિકારી એ.કે. ભાટિયાની અધ્યક્ષતામાં ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની ઉપસ્થિતિમાં રોગી કલ્યાણ સમિતીની મિટીંગ યોજાઈ હતી. જેમાં સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને સીએચસી પેથાપુર, સીએચસી લીમડી, સીએચસી કદવાલ, સીએચસી મીરાખેડીમાં અનેક જરૂરીયાત સાધનો અને સામગ્રી જેમ કે વોશીગ મશીન ખરીદવા માટે લેબોરેટરી સામાન સોલ્યુશન કિટ ખરીદવા માટે ચર્ચા કરવામાં આવી, તેમજ ઈમરજન્સીમાં વપરાતી દવાઓ પૂરતા પ્રમાણે જથ્થો રાખવામાં આવે અને વધારે ઈમરજન્સી દવાઓની ખરીદવા માટે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

## ગોધરામાં ₹6.33 કરોડના ખર્ચે એસટી ડેપો અને વર્કશોપ બનશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.26

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા પંચમહાલ જિલ્લાના મુસાફરોની સુવિધામાં વધારો કરવાના હેતુથી ગોધરા ખાતે નવનિર્મિત થનાર અત્યાધુનિક ડેપો-વર્કશોપનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી અંદાજે 6.33 કરોડના ખર્ચે સાકાર કરવામાં આવશે.



ગુજરાત રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારા, જિલ્લા પંચાયતના પ્રમુખ રેણુકાબેન ડાયરા અને મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ એસટી વિભાગના ઈન્ચાર્જ વિભાગીય નિયામક એ. કે. ખાટ, સિનિયર લેબર ઓફિસર જે. એમ. ચોપડા, ગોધરા ડેપો મેનેજર એમ. એચ. સોલંકી સહિતના ઉચ્ચ અધિકારીઓ અને એસ.ટી. કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ નવો વર્કશોપ 14,763 ચો.મી.ના વિશાળ વિસ્તારમાં પથરાયેલો હશે. જેમાં 1365.86 ચો.મી.માં મુખ્ય આરસીસી બાંધકામ કરવામાં આવશે. આ વર્કશોપમાં બસોના મેઈન્ટેનન્સ માટે 2 લોંગ-પીટ અને 1 યુ-પીટની આધુનિક વ્યવસ્થા ઉભી કરાશે. આ ઉપરાંત સંકુલમાં એડમિન રૂમ, ટાયર અને ઓઈલ રૂમ, સ્ટોરેજ, તેમજ કર્મચારીઓ માટે આરામગૃહ અને ડિસ્પેન્સરી જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. નોંધનીય છે કે, ગોધરા વિભાગ હાલ દરરોજ 2.53 લાખ કિમીનું સંચાલન કરે છે. આ નવા વર્કશોપના નિર્માણથી સમગ્ર વિસ્તારના પરિવહન માળખાને મોટો વેગ મળશે.

## પાવાગઢના પંચમોત્સવના કલાકારો રિપીટ થતાં નિરાશા

**સંગીત સંધ્યાના** કલાકારો પૈકી એક કલાકારને બાદ કરતાં બાકીના કલાકારો



(પ્રતિનિધિ) હાલોલ, તા.26

પંચમહાલ જિલ્લાના યાત્રાધામ તેમજ પ્રવાસન સ્થળ એવા પાવાગઢ તળેટી ના વળાતળાવ ખાતે પ્રતિવર્ષ યોજાતા પંચ મહોત્સવ અંતર્ગત ચાલુ વર્ષનો પંચમોત્સવ ગુરુવારના રોજ થી આરંભ કરવામાં આવ્યો છે. મધ્ય ગુજરાતમાં પાવાગઢને પ્રવાસનના હબ બનાવવા માટે તંત્ર દ્વારા સને 2015થી પંચ મહોત્સવનું ડિસેમ્બર માસના અંતમાં આયોજન કરવામાં આવે છે. દર વર્ષે જેમ આ વર્ષે પણ ગુરૂવારના રોજથી ચાર દિવસ ચાલનાર પંચ મહોત્સવ પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.

મધ્ય ગુજરાતમાં પાવાગઢને પ્રવાસનના હબ બનાવવાના આશય સાથે તેમજ પાવાગઢના પ્રવાસનને વિશ્વ ફલક પર પહોંચાડવા માટે સન 2015માં તત્કાલિન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા એક પહેલ કરી પંચ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈ પંચ મહોત્સવના શરૂઆતના ચારથી પાંચે વર્ષો સુધી પંચ મહોત્સવ પ્રવાસીઓમાં એક આકર્ષણનું કેન્દ્ર તરીકે જોવામાં આવતો હતો. જેમાં બોલીવુડના દિગ્ગજ કલાકારો પંચ મહોત્સવનું મંચ સજાવતા હતા. જેમાં ગુજરાત ભરના પ્રવાસીઓ તેમજ ગુજરાત બહારના પ્રવાસીઓ પણ પંચ મહોત્સવને નિહાળવા માટે આવતા હતા.

જ્યારે આજના સમયે પંચ મહોત્સવ પાંચના બદલે એક દિવસ ટૂંકાવી ચાર દિવસનો કરવામાં આવ્યો છે. જ્યારે હાલમાં લાવવામાં આવેલા સંગીત સંધ્યાના કલાકારો પૈકી એક કલાકારને બાદ કરતાં બાકીના કલાકારો પંચ મહોત્સવ ના મંચ અગાઉ શોભાવી ચૂક્યા છે. વારંવાર એકના એક કલાકારો ને રીપીટ કરવાથી પ્રવાસીઓમાં પંચ મહોત્સવ ના આયોજનને લઈને કંઈક અંશે નિરાશા પણ જોવા મળી રહે છે.

આ વર્ષે યોજવામાં આવેલ પંચ મહોત્સવમાં એક સાથે ૭૦૦૦, ઉપરાંત પ્રવાસીઓ નિશુલ્ક પ્રવેશ સાથે પંચ મહોત્સવ ની સંગીત સંધ્યા નિહાળે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જેમાં વીઆઈપી, કોર્પોરેટ, પ્લેટિનમ, ગોલ્ડન, સિલ્વર જેવી વિવિધ કેટેગરી નું વિભાજન કરવામાં આવ્યું છે. પરંતુ આ પાસ પ્રવાસીઓએ કેવી રીતે અને ક્યાંથી મેળવવા તે બાબતનો કાર્યક્રમ શરૂ થવાના કલાકો પહેલા પણ પ્રવાસીઓ અસમંજસ માં મુકાયા હોવાની ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

જોકે બીજી તરફ પ્રવાસીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. કે એક તરફ નિશુલ્ક પ્રવેશ ની જાહેરાતો વચ્ચે એન્ટ્રી ગેટ પર અલગ અલગ કેટેગરી ની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. તો આ કેટેગરી ના પાસ કયા પ્રવાસીઓ માટે હોઈ શકે અને આ પાસ કોની પાસે અને ક્યાંથી મળે તેવી તંત્ર દ્વારા કોઈ પણ સ્પષ્ટતા સાથે જાહેરાત કરવામાં આવી ન હોવાને કારણે પ્રવાસીઓ અવઢવ માં મુકાયા છે.

## ઝાલોદમાં ભાગવત કથાના પ્રારંભે રોડનું કામ શરૂ કરાયું

(પ્રતિનિધિ) દાહોદ, તા.26

ઝાલોદ નગરપાલિકામાં ભાજપનું શાસન આવ્યા બાદ ઘણા લાંબા સમયથી રોડ-રસ્તાના કામો અટવાયેલા હતા. જે હવે ભાઈ રમેશભાઈ ઓઝાની પધરામણી સાથે જ શરૂ થતાં નગરજનોમાં કુતૂહલ અને ખુશી ફેલાઈ છે. નગરપાલિકા પરથી વિકાસના કામોનું ગ્રહણ હટી ગયું હોય તેમ જોવા મળ્યું હતું. ઘણાં સમયથી જે રસ્તાઓની માંગણી હતી તેનું કામ એકાએક મોડી સાંજે શરૂ કરવામાં આવ્યું હતું.ઝાલોદ નગરના મુવાડા શિવમ પેટ્રોલ પંપ પાસે નગરપાલિકાના સભ્યો અને પદાધિકારીઓએ નાળિયેર ફોડીને ડામર રી-સરફેસિંગ કામનો પ્રારંભ કરાવ્યો હતો. આ કામો પાછળ લાંબા સમયથી



પાલિકામાં કોઈ કારણોસર અવરોધ આવી રહ્યો હતો. પરંતુ જેવી ઝાલોદની ધરા પર શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ થયો અને પૂજ્ય ભાઈશ્રી પધાર્યા તેની સાથે જ પાલિકા તંત્ર એક્શનમાં આવ્યું હતું.નગરના રહીશો આ અવસરને ભાગવત કથા અને મહારાજશ્રીના આશીર્વાદરૂપ ગણી રહ્યા છે. મોડી સાંજે કામગીરી શરૂ થતાં માર્ગો પર ડામર પાથરવાનું કામ પૂર જોશમાં હાથ ધરાયું હતું.